**ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત.**
**રાજ્યમાં 'સુરક્ષા સેતુ સોસાયટીઓ'ની રચના કરવા તથા તે હેઠળ 'સુરક્ષા સેતુ કેન્દ્રો' ની સ્થાપના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ **પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– **૦૭/૧૧/૨૦૧૨.**

**વંચાણે લીધાઃ–**
(૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૫/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૨/૨૨૪૪૩૧/આર.
(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૩/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.
(૩) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૭/૦૬/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૨/૨૨૪૪૩૧/આર.
(૪) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૬/૧૦/૨૦૧૨નો અંગ્રેજી હુકમ ક્રમાંકઃ બીજીટી/૧૦૨૦૧૨/પ્લાન–૧૨/આર.

**પ્ર સ્તા વ ના :–**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા પોલીસ ખાતાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા તથા જનભાગીદારી ધ્વારા આ કામગીરી અસરકારક રીતે થઈ શકે તે હેતુસર રાજ્ય કક્ષાએ ૧, રાજ્યના ૨૭ પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ ૩૨ "સુરક્ષા સેતુ સોસાયટીઓ"ની રચના કરવાની તથા તેના નિયંત્રણ હેઠળ કુલ ૩૧ "સુરક્ષા સેતુ કેન્દ્રો"ની સ્થાપના કરવા માટે નવી સેવા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩માં રૂા.૨ કરોડનો ખર્ચ કરવા આમુખ ક્રમાંકઃ(૧) સામે દર્શાવેલ વિભાગના તા.૦૫/૦૪/૨૦૧૨ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ હેતુસર થયેલ ઉકત રૂા.૨ કરોડની અંદાજપત્રીય જોગવાઈ પૈકી આમુખ ક્રમાંકઃ(૨), (૩) અને (૪) સામેના ઠરાવોથી અનુક્રમે રૂા.૫૦ લાખ, રૂા.૫૦ લાખ અને રૂા.૭૫ લાખ મળી ત્રણ તબકકામાં કુલ રૂા.૧.૭૫ કરોડની ગ્રાન્ટ વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ)ના હવાલે મુકવામાં આવેલ છે, જે આ યોજનાના નિયંત્રણ અધિકારી એવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ફાળવી ઉકત ૩૨ 'સુરક્ષા સેતુ સોસાયટીઓ'ને ગ્રાન્ટની યોગ્ય ફાળવણી કરવાનું વિચારણા હેઠળ હતું.

**ઠ રા વ :–**

આથી, પુખ્ત વિચારણાના અંતે, નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ના બજેટમાં 'અનુભાગ–૧, નવી બાબતો (આયોજન), માગણી ક્રમાંકઃ૪૩, મુખ્ય સદરઃ૨૦૫૫–પોલીસ, ગૌણ સદરઃ૧૧૩–પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદરઃ૦૨–પોલીસ કલ્યાણ પ્રવૃત્તિઓ અને ટ્રાફિક સવલતો માટેનું અનુદાન, બાબત નં.ઃ૨૬–જનરક્ષા માટે સોસાયટીની સ્થાપના કોર્પસ નિધિની મંજૂરી' સદર હેઠળ થયેલ કુલ રૂા.૨ કરોડની જોગવાઈમાંથી નાયબ સચિવશ્રી (મહેકમ), ગૃહ વિભાગના હવાલે મુકવામાં આવેલ રૂા.૧.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી આ સાથે સામેલ રાખેલ પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સંબંધિત ઉપાડ અને વહેંચણી

અધિકારીઓ(DDOs)ના હવાલે આગળ ફાળવવા માટે આ યોજનાના નિયંત્રણ અધિકારી તરીકે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હવાલે, નિમ્નદર્શીત શરતોને આધિન, આથી મુકવામાં આવે છે :–

(૧) સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓએ તેઓને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ઉપાડીને ચેકથી/ડ્રાફ્ટથી જે તે સોસાયટીના હવાલે મુકવાની રહેશે.

(૨) સંબંધિત સોસાયટીએ આ રીતે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સોસાયટીના નામે 'એચ.ડી.એફ.સી. બેંક' અથવા 'એક્ષિસ બેંક'માં ખાતું ખોલાવી તે ખાતામાં સત્વરે જમા કરાવવાની રહેશે.

(૩) સદરહુ ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે ફાળવવામાં આવેલ હોય તે હેતુ માટે જ કરવાનો રહેશે.

(૪) સંબંધિત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ તથા પોલીસ કમિશનરશ્રીઓએ તેમના નિયંત્રણ હેઠળની સોસાયટીઓ ધ્વારા આ યોજના અંતર્ગત કરવામાં આવેલ ખર્ચની માહિતીના પત્રક દર માસે રાજ્ય કક્ષાની સોસાયટીને મોકલવામાં આવે તે જોવાનું રહેશે.

(૫) સોસાયટીના નામે ખોલાવેલ બેંક ખાતામાં જમા કરાવેલ અને ઉપાડ કરેલ રકમ સંદર્ભે દર માસે બેંકમાંથી સ્ટેટમેન્ટ મેળવી તેની ચકાસણી સોસાયટીની કેશબુક સાથે કરવાની રહેશે.

૨. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની તા.૦૭/૧૧/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણઃ–ગ્રાન્ટ ફાળવણી પત્રક.

(ડી. આર. પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ.
(૭) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રીની કચેરી, ગાંધીનગર.
(૮) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગર.
(૯) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) નાયબ સચિવશ્રી (બજેટ/સંકલન),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૧) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૧૨) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૧૩) તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
(૧૪) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
(૧૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૧૬) રાજ્યના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૧૭) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૮) શાખા સિલેકટ ફાઈલ.
(૧૯) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

**ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટનું બિડાણ પત્રક.**

| અ.નં. | ગ્રાન્ટ પ્રાપ્ત કરનાર અધિકારીશ્રી. | ફાળવેલ ગ્રાન્ટની રકમ રૂા. લાખમાં. |
|---|---|---|
| ૧. | રાજ્ય કક્ષાની 'સુરક્ષા સેતુ સોસાયટી' માટે નોડલ અધિકારી તરીકે પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગરને. | ૧૦.૦૦ |
| ૨. | પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ. | ૮.૦૦ |
| ૩. | પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત. | ૮.૦૦ |
| ૪. | પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર, વડોદરા. | ૭.૦૦ |
| ૫. | પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ. | ૭.૦૦ |
| ૬. | પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ. | ૫.૦૦ |
| ૭. | પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી. | ૫.૦૦ |
| ૮. | પોલીસ અધિક્ષકશ્રી,આણંદ. | ૫.૦૦ |
| ૯. | પોલીસ અધિક્ષકશ્રી,બનાસકાંઠા–પાલનપુર. | ૫.૦૦ |
| ૧૦. | પોલીસ અધિક્ષકશ્રી,ભરૂચ. | ૫.૦૦ |
| ૧૧. | પોલીસ અધિક્ષકશ્રી,ભાવનગર. | ૫.૦૦ |
| ૧૨. | પોલીસ અધિક્ષકશ્રી,દાહોદ. | ૫.૦૦ |
| ૧૩. | પોલીસ અધિક્ષકશ્રી,ડાંગ–આહવા. | ૫.૦૦ |
| ૧૪. | પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગર. | ૫.૦૦ |
| ૧૫. | પોલીસ અધિક્ષકશ્રી,જામનગર. | ૫.૦૦ |
| ૧૬. | પોલીસ અધિક્ષકશ્રી,જુનાગઢ. | ૫.૦૦ |
| ૧૭. | પોલીસ અધિક્ષકશ્રી,કચ્છ–પૂર્વ,ગાંધીધામ. | ૫.૦૦ |
| ૧૮. | પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ–પશ્ચિમ, ભૂજ. | ૫.૦૦ |
| ૧૯. | પોલીસ અધિક્ષકશ્રી,ખેડા–નડિયાદ. | ૫.૦૦ |
| ૨૦. | પોલીસ અધિક્ષકશ્રી,મહેસાણા. | ૫.૦૦ |
| ૨૧. | પોલીસ અધિક્ષકશ્રી,નર્મદા–રાજપીપળા. | ૫.૦૦ |
| ૨૨. | પોલીસ અધિક્ષકશ્રી,નવસારી. | ૫.૦૦ |
| ૨૩. | પોલીસ અધિક્ષકશ્રી,પંચમહાલ–ગોધરા. | ૫.૦૦ |
| ૨૪. | પોલીસ અધિક્ષકશ્રી,પાટણ. | ૫.૦૦ |
| ૨૫. | પોલીસ અધિક્ષકશ્રી,પોરબંદર. | ૫.૦૦ |
| ૨૬. | પોલીસ અધિક્ષકશ્રી,રાજકોટ ગ્રામ્ય, રાજકોટ. | ૫.૦૦ |
| ૨૭. | પોલીસ અધિક્ષકશ્રી,સાબરકાંઠા–હિંમતનગર. | ૫.૦૦ |
| ૨૮. | પોલીસ અધિક્ષકશ્રી,સુરત ગ્રામ્ય, સુરત. | ૫.૦૦ |
| ૨૯. | પોલીસ અધિક્ષકશ્રી,સુરેન્દ્રનગર. | ૫.૦૦ |
| ૩૦. | પોલીસ અધિક્ષકશ્રી,વડોદરા ગ્રામ્ય, વડોદરા. | ૫.૦૦ |
| ૩૧. | પોલીસ અધિક્ષકશ્રી,વલસાડ. | ૫.૦૦ |
| ૩૨. | પોલીસ અધિક્ષકશ્રી,તાપી–વ્યારા. | ૫.૦૦ |
| | **કુલ ફાળવણી :** | **૧૭૫.૦૦** |

**( ડી. આર. પટેલ )**
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.